ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષી દશેરાથી સર્વિસ રોડનુ કામ ગતિમાં આવશે

ચોમાસાના લીધે ડામર કામ ઠપ્પ થઇ ગયું છે : છારોડી અને તારાપુર જંકશનનો પણ કાર્યયોજનામાં સમાવેશ

ગાંધીનગર તા ૧૯

ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષી ૪૪ કીમીના રૂટને સિકસલેન બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં છારોડી તેમજ તારાપુર જંકશનને પણ આવરી લેવામાં આવ્યા છે. હાલ વરસાદી દિવસોના લીધે આ પ્રોજેકટ અન્વયે સર્વિસ રોડ બનાવાની કામગીરી પણ બંધ છે. જયારે દશેરાથી સર્વિસ રોડનુ કામ પણ ઝડપથી હાથ ધરાશે

ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષી ૪૪ કીમીના આ રૂટને સિકસલેન કરવાની કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. કોરોના કાળમાં આ કાર્યયોજનાનુ કામ મંદ પડી જતા હવે આ પ્રોજેકટ પુરો થતા હજુ સમય લાગે તેમ છે. અલબત્ત આગામી ચોમાસા સુધીમાં સમગ્ર યોજનાનુ કામ પુર્ણ કરી દેવાશે. થોડા સમય અગાઉ જ ઈન્ફોસીટી અને સરગાસણ બ્રિજનુ કામ પુર્ણ કરાયા બાદ તેનુ લોકાર્પણ કરી દેવાયુ છે. આ ફલાય ઓવર પર હાલ ટ્રાફિકનો ધમધમાટ પણ જોવા મળે છે. ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષી અડાલજ તેમજ સાબરમત્તી બ્રિજને અનુલક્ષી બન્ને ઠેકાણે નવુ સ્ટ્રકચર પણ ઉભુ કરવામાં આવશે જયારે આ માટેની દરખાસ્ત દિલ્હી સરકાર પાસે પેન્ડીંગ છે. જયારે તારાપુર , છારોડી ,હાઈકોર્ટ એલિવેટેડ કોરિડોર તેમજ ઉજાલા ચોકડી પાસે પણ ફલાય ઓવરની કાર્યયોજના હાથ ધરાશે. આ માર્ગને પણ ફોરલેનના બદલે સિકસલેન કરવામાં આવશે. હાઈકોર્ટ પાસે નિર્માણ પામતા એલિવેટેડ કોરિડોરનુ કામ આગામી નવેમ્બર સુધીમાં પુર્ણ કરી દેવાશે. જયારે હાલ ચોમાસાને અનુલક્ષી ફલાય ઓવર સંબંધિત સર્વિસ રોડનુ કામ શરૂ કરાયુ નથી અલબત્ત દશેરાથી સર્વિસ રોડના નિર્માણના કામમાં પણ ગતિ આવશે. ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષી છારોડી તેમજ તારાપુર જંકશનનુ કામ પણ મંજુર કરી દેવાયુ છે. જેથી રૂટમાં ટ્રાફિક માટે કાઈપણ પ્રકારની અડચણ રહેશે નહીં.

કોરોનાકાળમાં ઘણાની રોજી-રોટી છીનવાઈ ગઈ છે. ખાનગી નોકરીઓ પર કાપ મુકાયો છે. નોકરીની શોધ કરતા યુવાનો હવે ઘર-સંસાર ચલાવવા નાનો-મોટો વ્યવસાય અપનાવી રહ્યા છે. બાઈકસવાર યુવાન પોતાની બાઈક પર વિવિધ ચીજવસ્તુઓ ભરીને ફેરી કરતો જોવા મળી રહ્યો છે. દિવસના અંતે આવા યુવાનો માંડ બે ટંક ચાલે તેટલુ કમાઈ લે છે.

મેયરની ગ્રાન્ટનો હિસાબ આપવામાં તંત્ર ગેરમાર્ગે દોરી રહ્યું છે : પિન્કીબેન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકામાં વિજીલન્સ કમિશનરને મેયરની ગ્રાન્ટના હિસાબ માટે કરાયેલ ફરિયાદ પછી આપવામાં આવેલ ગ્રાન્ટના હિસાબો ગેરમાર્ગે દોરનારા હોવાનું જણાવી પૂર્વ કાઉન્સીલર પિન્કીબેન પટેલે કમિશનરને એક પત્ર લખી વધુ ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તેવી માંગ કરી છે.

પિન્કીબેન પટેલે આ પત્રમાં સ્પષ્ટ જણાવ્યુ છે કે ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦અને ૨૦૨૦-૨૧ના વર્ષમં ફાળવવામાં આવેલ ગ્રાન્ટિનો હિસાબ અમે માગ્યો પણ તેમાં જે રીતે જવાબ આપવામાં આવેલ છે તે ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરાયો હોય તેવો છે. તેમણે જણાવ્યુ કે એમ્બ્યુલન્સ, વેન્ટીલેટર મશીન તેમજ અનાજની કીટનું કરાયેલ વિતરણ બાબતના ખર્ચનો આમાં ઉલ્લેખ શુદ્ધા જોવા મળતો નથી.

તેમણે શહેરમાં બનાવેલ બસસ્ટેન્ડને લઈ જે વિગતો આપવામાં આવી છે તેમાં ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦નો ખર્ચ બતાવવામાં આવ્યો છે. તો આ વર્ષોમાં મેયર કોણ હતા અને તેમનો નામોલ્લેખ કેમ કરવામાં આવ્યો નથી.

શ્રીમતિ પટેલે તેમના પત્ર સાથે મનપા દ્વારા આપવામાં આવેલ પ્રત્યુત્તરોની વિગતો પણ આપી છે.

ગાંધીનગર મનપામાં વિકાસના કામોની આડમાં મોટો ભ્રષ્ટ્રાચાર કરાયો હોવાની અનેક રજુઆતો ઉચ્ચકક્ષાએ કરવામાં આવી હોવા છતાં કસૂરવારો સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી કે તપાસ નહિ કરાતી હોવાનો રોષ પણ તેમણે વ્યક્ત કર્યો છે.

સરસ્વતી પ્રાથમિક વિદ્યા મંદિર ખાતે સ્વતંત્રતા દિનની ઉજવણી

વિદ્યા ભારતી પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા સંચાલિત સરસ્વતી પ્રાથમિક વિદ્યા મંદિર દ્વારા ૧૫મી ઓગસ્ટની ઉજવણી થઈ હતી. જેમાં દશરથભાઈ ઠાકોર દ્વારા ધ્વજવંદન અને ભારતમાતા પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. હર્ષદભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

શનિવારે સચિવાલય સહિત સરકારી કચેરીઓમાં કાગડા ઉડશે..!!

શુક્રવારે મોહરમની રજા અને રવિવારે રક્ષાબંધન હોવાથી અનેક અધિકારી કર્મચારીઓ શનિવારની રજા મૂકી સળંગ ત્રણ દિવસ 'મીની વેકેશન' માણવાના મૂડમાં

ગાંધીનગર તા.૧૯

રાજ્યભરમાં શુક્રવારે મોહરમની રજા બાદ રવિવારે રક્ષાબંધનનું પર્વ આવી રહ્યું છે, આ બંન્ને રજાઓ વચ્ચે ત્રીજા શનિવારનો દિવસ વર્કિંગ ડે હોવાથી સરકારી કર્મચારીઓને નડતરરૂપ લાગી રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગરની સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં અનેક અધિકારીઓ કર્મચારીઓએ સળંગ ત્રણ દિવસ રજાઓના મીની વેકેશનને માણવાનો મૂડ બનાવતા શનિવારની સીએલ મૂકી હોવાથી શનિવારે સરકારી કચેરીઓમાં પાંખી હાજરી જોવા મળશે તેવું જણાઈ રહ્યું છે.

આગામી રવિવારે શ્રાવણી પુનમ નિમિત્તે રક્ષાબંધનનો પવિત્ર તહેવાર આવી રહ્યો છે. ભાઈ બહેનના પવિત્ર તહેવારનું આપણા સમાજમાં ખૂબ જ અનેરું મહત્ત્વ છે કેમકે આ તહેવાર પારિવારિક સંબંધોને વધુ મજબૂત બનાવે છે. રક્ષાબંધનના તહેવારે બહેન પોતાના ભાઈને રાખડી બાંધી તેના સ્વસ્થ દિર્ઘાયુ અને સુરક્ષાની કામના કરે છે. આ પ્રસંગે પરિણીત મહિલાઓ પણ પોતાના ભાઈને રાખડી બાંધવા માટે સાસરેથી ખાસ પિયર જતી હોય છે જેને અનુલક્ષીને અગાઉથી તૈયારીઓ કરવી પડે છે. આ કારણથી આ પર્વ એક ફેમિલી ગેટ ટુગેધર નું કારણ પણ બની રહે છે. ગાંધીનગરના નવા અને જુના સચિવાલય સહિત તમામ સરકારી કચેરીઓમાં ખુબ મોટી સંખ્યામાં મહિલા કર્મચારીઓ કાર્યરત છે જેઓ રવિવારે રક્ષાબંધને પોતાના ભાઈને રાખડી બાંધવા માટે પિયર જવા સાથે શુક્રવારે મોહરમની સરકારી રજા હોવાથી શનિવારની રજા મૂકી દઈને પરિવારજનો સાથે સળંગ ત્રણ દિવસ શુક્ર-શનિ-રવિની રજા માણી શકાય તેવા આયોજનો કરેલા જોવા મળી રહ્યા છે. કેટલાક કર્મચારીઓએ તો શનિવારની રજા મૂકી સળંગ ત્રણ દિવસ માટે રાજસ્થાન સહિતના ગુજરાતમાં નર્મદા, વલસાડ, ડાંગના કુદરતી સ્થળોએ કે સૌરાષ્ટ્ર સહિત અન્ય નજીકના સ્થળોએ પ્રવાસ જવાના પણ આયોજન ગોઠવી દીધા છે જેના પગલે શનિવારે ચાલુ દિવસ હોવા છતાં સરકારી કચેરીઓમાં કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળશે તે નિશ્ચિત બન્યું છે. આ બાબતે અધિકારી વર્ગ પણ તેમાંથી બાકાત નથી.

પેથાપુર ખાતે પાશ્વનાથ મોક્ષ કલ્યાણ ઉજવાયો

શ્રી પાશ્વનાથ મોક્ષ કલ્યાણ (મુકુટ સપ્તમી) નિમિત્તે શ્રી પાશ્વનાથ દિગંબર જૈન ચૈતાલય, સ્વપ્રવિલા-૩ પેથાપુર ખાતે 'ભગવાન પાશ્વનાથ વિધાન' ભણાવવામાં આવ્યુ હતુ. જેમાં પેથાપુર સમાજના દરેક ભક્તોએ લાભ લીધો હતો. ભક્તોએ અભિષેક, પૂજા, વિધાન, આરતી, ભજન કર્યા હતા. આ આયોજન બદલ તુષારભાઈ, ગીરીશભાઈ, લોકેશભાઈ, શ્રેયાંશભાઈ, વિશાલભાઈ હિમાંશુ શાહ (મેનેજિંગ ટ્રસ્ટી)નો આભાર માનવામાં આવ્યો હતો.

ભાદરવી પૂનમ વરસુંદિયા પંચના સંઘ અંબાજીના પ્રમુખ પદે સનત પંડ્યા નિમાયા

ગાંધીનગર, તા. ૧૯

અમદાવાદના વિસનગરા નાગર ભાદરવા વરસુંદિયા પંચના સંઘ અંબાજીના પ્રમુખપદે સનતભાઈ વાસુદેવભાઈ પંડ્યા, ઉપપ્રમુખ પદે નિરાલીબેન મહેતા, મંત્રી પદે પુર્વિશ ડી. પંડ્યા, સહમંત્રી પદે અતુલભાઈ પંડ્યા નિમાયા હતા. સનતભાઈ પંડ્યાના પિતા સ્વ. વાસુદેવભાઈ પંડ્યાએ અંબાજી મુકામે જીર્ણોદ્વારમાં આર્થિક સહયોગ સાથે ખૂબ મહેનત કરી હતી.

આગામી ૨૧-૨૩, ૨૫-૨૮મીએ વરસાદ પડશે : હવામાન વિભાગ

રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદ પડશે : દ. ગુજરાતમાં બે દિવસ ભારે, મધ્ય ગુજરાતમાં કેટલાક સ્થળે હળવો, ઉ. ગુજરાત છૂટોછવાયો વરસાદ થઈ શકે

ગાંધીનગર, તા.૧૯

લાંબા વિરામ બાદ રાજ્યના કેટલાક જિલ્લામાં મેઘરાજાએ એન્ટ્રી કરી હતી. જેમાં અમદાવાદ, અમરેલી, જાફરાબાદ, રાજુલા, ભરૂચ, પંચમહાલ, ગોધરા, મહિસાગર, છોટાઉદેપુર સહિતના પંથકમાં વરસાદ વરસ્યો હતો. જેના કારણે ગરમી અને અસહ્ય બફારાથી તોબા પોકારી ઉઠેલા લોકોને રાહત મળી હતી. ત્યારે હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં વરસાદી માહોલ રહેશે. જ્યારે દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં બે દિવસ દરમિયાન ભારે વરસાદની વકી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આજે સવારથી અમદાવાદમાં વરસાદી માહોલ છવાયો હતો અને દિવસભર વાદળછાયુ વાતાવરણ સર્જાયેલું રહ્યું હતું. જેના કારણે લોકોને ગરમીથી રાહત મળી હતી. નોંધનીય છે કે, રાજ્યમાં હજુ ૪૮ ટકા વરસાદની ઘટ છે.

રાજ્યમાં વરસાદ લાવે તેવી સિસ્ટમ સક્રિય થઇ છે. જેના કારણે રાજ્યમાં આગામી ૫ દિવસ વરસાદી માહોલ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. આ સાથે જ હવામાન વિભાગના અધિકારી મનોરમા મોહંતીએ પત્રકારોને જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં બે દિવસ ભારે વરસાદ પડી શકે છે. તો મધ્ય ગુજરાતમાં કેટલાક સ્થળે હળવો વરસાદ પડી શકે છે.

જ્યારે ઉત્તર ગુજરાત અને અમદાવાદમાં છૂટોછવાયો વરસાદ રહેશે. બનાસકાંઠા, મહેસાણા અને પાટણ સહિતના ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં વરસાદની શક્યતા નહિવત છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ૧૯ ઓગસ્ટથી ઉત્તર ગુજરાતના ભાગોમાં વરસાદ થવાની શક્યતા છે. ધીરે ધીરે આ વરસાદનું વહન આગળ વધશે.

શહેરના યશપાલ આનંદને પીએચડી પદવી એનાયત

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત યુનિવર્સિટીના પ્રાણીશાસ્ત્ર વિભાગમાંથી પ્રોફેસર એચ.એન. હાયલેન્ડના માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્ય પૂર્ણ કરી 'અ સ્ટડી ઓન મરીન મેમલ્સ ઓફ ગલ્ફ ઓફ કચ્છ, ગુજરાત, ઈન્ડિયા' શીર્ષક હેઠળ રજૂ કરી હતી જે નિબંધને ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી યશપાલ આલોકકુમાર આનંદને પીએચડી પદવી એનાયત કરી હતી. આ બદલ પ્રોફેસર એચ.એન. હાયલેન્ડ અને ગુજરાત યુનિ.ના પ્રાણીશાસ્ત્ર વિભાગના વડા એલ.બી. જયોર્જ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ભારત તિબ્બત સમન્વય સંઘના મહિલા વિભાગ અમદાવાદ મહાનગરના અધ્યક્ષ તરીકે વંદના રાજીવ શાહની વરણી

અમદાવાદ, તા. ૧૮

ભારત તિબ્બત સમન્વય સંઘ એ ભારત અને તિબ્બતના સંબંધોને મજબુત બનાવવા માટે સંકલન અને સમન્વય કરતી નોન પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન (સંગઠન) છે. જેનો ઉદ્દેશ તિબ્બતનું સમર્થન અને તેની આઝાદી માટે અને કૈલાશ માનસરોવરની મુક્તિ અને ભારતની સુરક્ષા માટેનો છે.

સંઘના રાષ્ટ્રીય મહિલા વિભાગનાં અધ્યક્ષા ડૉ. રૂચિ ચતુર્વેદેજી અને ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ ભાવેશ જોષી તેમજ ગુજરાત પ્રાંતના પ્રદેશ મહિલા અધ્યક્ષ ડૉ. મૃણાલીની ઠાકરની સહમતીથી ભારત તિબ્બત સમન્વય સંઘના મહિલા વિભાગ અમદાવાદ મહાનગરના અધ્યક્ષ તરીકે જાગૃત, પ્રામાણિક, પ્રતિભાશાળી સમાજસેવિકા

શ્રીમતી વંદના રાજીવ શાહની નિમણુંક કરી છે.

શ્રીમતી વંદનાબેન શાહ છેલ્લા પાંચ વર્ષથી અમદાવાદ મહાનગરના નવરંગપુરા વોર્ડના મ્યુનિસિપલ કાઉન્સીલર તરીકે સક્રિય રહી સામાજીક સેવાની સુંદર કામગીરી કરી રહ્યા છે. જનતામાં તેઓની ઓળખ એક પ્રામાણિક, સુશિક્ષિત, ઉમદા અને નિષ્ઠાવાન કાર્યકર તરીકે ઉભી કરી છે. તેઓએ ૨૦૧૫ થી ૨૦૨૦ સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હોસ્પિટલ કમીટી, મહિલા બાળ વિકાસ કલ્યાણ કમિટી, રોડ-બિલ્ડીંગ કમીટીના સભ્ય તરીકે સક્રિય કામગીરી કરી છે.

એક જાણીતા અને સફળ ચિત્રકાર તરીકે સિદ્ધિ પામી કલા ક્ષેત્રે ઘણી કામગીરી કરી છે.

ભાવનગરથી આજથી દિલ્હી, સુરત-મુંબઈની વિમાની સેવા

ભાવનગર, તા.૧૯

ભાવનગર માટે નવો અધ્યાય લખાવા જઈ રહ્યો છે. જે અંતર્ગત ભાવનગરથી આવતીકાલથી દિલ્હી, સુરત અને મુંબઈની સ્પાઈસ જેટની નવી સીધી વિમાની સેવાની શરૂઆત થવા જઈ રહી છે. આવતીકાલે બપોરે ભાવનગર એરપોર્ટ ખાતેથી સ્પાઈસ જેટની ફલાઈટને મુખ્યમંત્રી વિજય રૂપાણી અને કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા વર્ચ્યુઅલી ફ્લેગ ઓફ કરી આ નવી ફ્લાઈટ સેવાનો શુભારંભ કરાવશે.

કેન્દ્ર સરકારે ઉડે દેશ કા આમ આદમી, ઉડાન યોજના હેઠળ દેશમાં નાના શહેરોને પણ એર કનેક્ટિવિટીથી જોડવાનું જે અભિયાન ઉપાડ્યું છે તેમાં ભાવનગરના હવાઈ ઉડ્ડયન ક્ષેત્રનું આ નવું સોનેરી સોપાન બની રહેશે.

ભાવનગર ગુજરાતનું વિકસતું અને મોટું શહેર છે. ભાવનગર વ્યાપાર ઉદ્યોગનું મહત્વનું કેન્દ્ર હોવા સાથે ઘણાં બધાં મધ્યમ અને નાના ઉદ્યોગો ધરાવતું કેન્દ્ર છે. વિશ્વભરમાં ખ્યાતિ ધરાવતો જહાજ ભાગવાનો વાડો ભાવનગરના અલંગમાં આવેલો છે. ભારત સરકારની નવી સ્ક્રેપ પોલિસી અંતર્ગત પણ અલંગમાં જુના વાહનો ભંગાવવા માટે આવવાના છે.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં વૃક્ષારોપણ યોજાયું

ગાંધીનગર, તા. ૧૬

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત કોલેજમાં એન.એસ.એસ. યુનિટ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એન.એસ.એસ. યુનિટની સ્વયંસેવિકાઓ દ્વારા કોલેજ કેમ્પસમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં હરિભાઈ ચૌધરી (અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ), શંકરભાઈ ચૌધરી (ઉપપ્રમુખ), યશવંતભાઈ ચૌધરી (કેમ્પસ ડાયરેક્ટર), ડૉ. એમ.એમ. ચૌધરી (કોલેજના આચાર્ય) ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી હતી. ડૉ. સજ્જનબેન ચૌધરી અને ડૉ. તારાબેન દેસાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ.

રાજ્યમાં ૨૪ કલાકમાં નવા કોરોનાના ૧૯ કેસ

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં કોરોના તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યો છે. રાજ્યમાં કોરોનાના નવા માત્ર ૧૯ કેસ જ નોંધાયા છે. તો બીજી તરફ ૨૨ દર્દીઓ સાજા પણ થઇ ચુક્યા છે. અત્યાર સુધીમાં ૮,૧૪,૯૯૪ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર પણ ઝડપથી સુધરી રહ્યો છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર ૯૮.૭૬ પર પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર ખુબ જ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૩,૭૭,૫૩૮ દર્દીઓનું રસીકરણ થયું છે.

ગોળીબાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોકે એરપોર્ટ પર તૈનાત નાટો દેશના અધિકારીઓએ ફાયરિંગ થયુ હોવાની વાતનો ઈનકાર કર્યો હતો પણ એરપોર્ટ પર થયેલી ભાગદોડમાં કેટલાય લોકોના ઘાયલ થવાની વાતને સમર્થન આપ્યુ છે.

કોરોના વેક્સિન

● અનુસંધાન પહેલાનું ચાલુ

NIV માં અમે વેક્સીનેટેડ લોકોમાં બનેલી એન્ટીબોડી પર અભ્યાસ કર્યો અને આ વેરિએન્ટ વિરુદ્ધ તપાસ કરી. સ્ટડીમાં સામે આવ્યું કે ડેલ્ટા વેરિએન્ટ વિરુદ્ધ એન્ટીબોડીની અસરકારકતા બે-ત્રણ ગણી ઓછી થઈ જાય છે. છતાં રસી વેરિએન્ટ વિરુદ્ધ સુરક્ષાત્મક છે.

ડ્રોનથી સર્વે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દફતર/ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ લેન્ડ રેકર્ડજ, તાલુકા વિકાસ અધિકારી, ડિસ્ટ્રીક્ટ ઈન્ફોમેટિકસ ઓફિસર અને સરવે ઓફ ઈન્ડિયાની કમિટી બનાવવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાને આ યોજના પાઈલોટ પ્રોજેક્ટ માટે પસંદગી કરવામાં આવી છે. આ પાઈલોટ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના કુલ- ૧૮ ગામોનો સર્વે કરવામાં આવશે. હાલમાં ગાંધીનગર તાલુકાના રાજપુરા, મુબારકપુરા, પીંઢારડા, માધવગઢ અને જાખારો ગામમાં ડ્રોનથી સરવેની કામગીરી કરવામાં આવશે. હાલમાં સર્વેની કામગીરી માટે ચૂના માર્કીંગની કામગીરી આ પાંચ ગામમાં ચાલુ છે. જેમાં તા. ૨૪મી ઓગસ્ટથી આ પાંચ ગામમાં આ કામગીરીનો આરંભ કરવામાં આવશે.

જાખોરા ગામમાં શરૂ થતી પાઈલોટ પ્રોજેક્ટની કામગીરીના સુચારૂ આયોજન અર્થે કલેક્ટરના માર્ગદર્શન હેઠળ સુપ્રિન્ટેન્ડેટ ઓફ લેન્ડ રેકર્ડઝના અધ્યક્ષસ્થાને આજરોજ બેઠક યોજાઈ હતી. જેમાં ગામના સરપંચ, તલાટી કમ મંત્રી સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડ્રોનથી સરવેની કામગીરી માટે ગામમાં ગામ સભા પણ કરવામાં આવી છે.

સર્વિસ રોડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટ્રાફિકનુ પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યુ છે. આવા સંજોગોમાં રૂટમાં આવતા રક્ષાશકિત સર્કલ અને એપોલો જંકશન પાસે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. આ સ્થિતિને અનુલક્ષી આ બન્ને જંકશન પર ઓવરબ્રિજ બનાવાનુ નક્કી કરાયુ છે. આ કાર્યયોજના પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાશે. જયારે બન્ને ઠેકાણે બ્રિજ બનાવવા માટે હાલ માર્ગ પર ટ્રાફિકનુ ડાયવર્ઝન આપવા માટે જરૂરી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો જે અન્વયે ટુંકમાં જ સર્વિસ રોડનુ કામ પણ શરૂ કરી દેવાશે ટ્રાફિકના ડાયવર્ઝન માટે સર્વિસ રોડનુ કામ પુર્ણ થયા બાદ ટ્રાફિક ડાયવર્ઝનના અંતે ફલાય ઓવરના નિર્માણની કામગીરી ઝડપથી હાથ ધરાશે.

હાર્દિક અભિનંદન

ચિરાગભાઈ એચ. પટેલ
સંયોજક
(ભાજપ કાર્યાલય આધુનિકીકરણ વિભાગ)

ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન દ્વારા નિષ્ઠા અને કાબેલિયતને ધ્યાને રાખી ચિરાગભાઈ એચ. પટેલ (નવીશિણોલ)ની કાર્યાલય આધુનિકીકરણ વિભાગના સંયોજક તરીકે નિયુક્તિ થતાં અમો હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

લી.
હેમંત પટેલ (ક્કો)
મંત્રી
(બાયડ શહેર ભાજપ સંગઠન)
જીગર પટેલ
પ્રમુખ
(બાયડ શહેર ભાજપ યુવા મોરચો)
જલદિપ પટેલ
(મહામંત્રી : બાયડ શહેર ભાજપ યુવા મોરચો)